# અપની નાવ સમુદ્રમેં, ના જાને ક્યા હોઈ ?

એક નાવને ડૂબતી જોઈને, તેમાંના માણસોને ડૂબકાં ખાતાં અને બચવાનાં ઝાવાં મારતાં જોઈને બીજી નાવવાળા હસી રહ્યા છે ! ખરેખર તો ડૂબતાંને જોઈને દુઃખ થવું જોઈએ અને યથાસંભવ તેમને મદદ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ પણ તેમને હસતા જોઈને ત્રીજી નાવમાં બેઠેલા મહાત્મા કબીરજીથી સહન થઈ શક્યું નહીં અને તેઓ બોલી ઊઠ્યા કે-

ઔર કો ડૂબત દેખકે, કબીર ન હંસીએ કોઈ;
અપની નાવ સમુદ્રમેં, ના જાને ક્યા હોઈ ?

સજ્જનો સિવાય સંતોનો વણમાગ્યો ઉપદેશ કોને ગમે ? કબીર સાહેબના આવા ઉપદેશના શબ્દો સાંભળીને પેલા લોકો ગુસ્સે ભરાયાં અને કૂદીકૂદીને કબીરજીને કાળઝાળ વચનો સંભળાવવા લાગ્યા. નાની નાવ કૂદાકૂદના કારણે સમતોલપણું ગુમાવી બેઠી અને ઊંધી વળી ગઈ. બધા પાણીમાં ડૂબકાં ખાવા લાગ્યા. એ વખતે કબીરજી ઝડપથી પોતાની નાવને લઈને તેમની તરફ ધસી ગયા અને સૌને બચાવી લીધા. ઠંડા બરફ જેવા પાણીમાં પલળીને અને ડૂબકાં ખાઈને બધાનો ગુસ્સો ઠંડો પડી ગયો હતો. સૌએ કબીરજીને નમસ્કાર કર્યા.

કબીરજીએ કહ્યું તેમ આપણા સૌની નાવ ભરદરિયે જ છે. હેમખેમ કાંઠે પહોંચીએ ત્યારે ખરા. મધદરિયે જો સાવધાન નહીં રહીએ, કે તોફાને ચડીશું, કે અન્યોને ડૂબતા જોઈને તેમની ઠઠ્ઠામશ્કરી કરવામાં બહેકી જઈશું તો આપણું નાનકડું સાધનવિહોણું નાવડું પ્રચંડ મોજાંઓની મહાવિનાશકારી થાપટોમાં ક્યાંય ગોત્યુંયે હાથ આવવાનું નહીં, પછી આપણે તો ક્યાંથી બચી જ શકવાના !

હાલની ક્ષણે તો આપણે તન-મન-ધનથી બધી રીતે સુખી છીએ. કોઈ વાતનું દુઃખ નથી. પણ આવતી ક્ષણ કેવી આવશે તેની કોને ખબર છે ? ક્યારે તનથી, મનથી કે ધનથી દેવાળું નીકળી જાય ! અત્યારે તો દૂધ માંગીએ તો અમૃત મળે છે, પાંચ ગાઉ ચાલતાં ય થાકતા નથી અને આપણા મનની મક્કમતા તો એવી છે કે એમાંથી ઘણા પ્રેરણા લે છે. પણ કાલે ઉંબરા, ડુંગરા સમાન થઈ પડે છે, દૂધની જગ્યાએ પાણીયે મળતું નથી અને મન તો ફજેતીના ફાળકા કરાવે છે ! માટે જ કબીરજી કહે છે કે - ઔર ન હંસીએ કોઈ.

અનુભવીઓ તો આપણને ખૂબ સમજાવે છે પણ આપણને આખલાનાં શિંગડામાં માથું ઘાલ્યા વિના મજા મળતી નથી અને ઝેરનાં પારખાં કર્યા વિના જંપ વળતો નથી. પછી કહીશું કે મા મને કોઠીમાંથી કાઢ !

બૂરા ખોજન મૈં ચલા, બૂરા ન મિલિયા કોઈ ;
જ્યોં દિલ ખોજા આપના, મુજસે બૂરા ન કોઈ.

બંને હાથમાં મશાલ લઈને બૂરાને ગોતવા હું ચોગમ ફરી વળ્યો પણ તે ક્યાંય મળ્યો નહીં. છેવટે મેં મારા હૃદયમાં બૂરાને ગોતવાનો પ્રયત્ન કર્યો તો તે તુરત મળી ગયો. જ્યારે આંતર્‌ખોજ કરી ત્યારે ખબર પડી કે મારાથી વધારે બૂરો બીજો કોઈ નથી. દુર્યોધન સારાને ગોતવા માટે આખું શહેર ફરી વળ્યો પણ તેને કોઈ સારો ન મળ્યો અને યુધિષ્ઠિર બૂરાને ગોતવા આખું શહેર ફર્યા પણ તેમને કોઈ બૂરો ન મળ્યો.

ઉપરની સંતવાણી અનુભવનો નિચોડ છે. જો આપણે આપણી છાતી ઉપર હાથ રાખી ઈશ્વરસાક્ષીએ વિચારીએ તો તુરત જણાય છે કે આપણી બૂરાઈઓનો તો કોઈ પાર નથી. સમજણા થયા ત્યારથી માંડીને અત્યાર સુધીની આપણી બૂરાઈઓના ડુંગરો તાદૃશ્ય થતાં જ હતપ્રભ થઈ જવાય છે, આપઘાત કરવાનું મન થઈ જાય છે અને તેથી તે ડુંગરોની આડો, બીજાંની બૂરાઈઓ જોવારૂપી પડદો નાખી દઈએ છીએ. વિષ્ટાના ઢગલા ઉપર કપડું ઢાંકી દેવાથી વિષ્ટાનો નાશ નહીં થાય, ઊલટાનું કપડું સડીને ગંદકીમાં વધારો જ કરશે.

બીજાને સુધારવાનો પ્રયત્ન જરૂર કરીએ પણ મુખ્ય પ્રયત્ન તો આપણે પોતે સુધરવાનો કરવાનો છે. કારણ કે એ આપણા હાથની વાત છે. એક સુંદર દૃષ્ટાંત જોઈએ.

બાદશાહે પૂછ્યું- આખો હોજ દૂધથી ભરવો હોય તો કેટલું દૂધ જોઈએ ? બીરબલ જવાબ આપે છે - ફક્ત એક લોટો. આપ એવું ફરમાન બહાર પાડો કે સૌએ હોજમાં એક લોટો ભરીને દૂધ રેડી જવું. ફરમાન બહાર પડ્યું. પણ સવારે જોયું તો હોજ કોરો કટ ! ત્યારે ખુલાસો કરતાં બીરબલે કહ્યું કે જહાંપનાહ, આપનું ફરમાન તો સૌએ સાંભળ્યું પણ સૌએ એવું વિચાર્યું કે બધા દૂધ રેડવાના છે જ, હું એક નહીં રેડું તો ક્યાં તૂટો આવી જવાનો હતો કે ખબર પડી જવાની હતી ? જો સૌએ એમ વિચાર્યું હોત કે બીજો દૂધ રેડે કે ન રેડે, મારે તો મારું કર્તવ્ય બજાવવું જ છે તો આવો વિરાટ હોજ પણ ફક્ત એક લોટા દૂધથી ભરાઈ જાત. પણ સૌએ બીજાઓ કર્તવ્ય બજાવે એવો આગ્રહ રાખ્યો તો હોજનું તળિયું પણ ભીનું ન થયું.

આમ, જો આપણે સૌ કર્તવ્યપાલનરૂપી દૂધ, સમાજરૂપી હોજમાં રેડીએ તો સમાજહોજ સદ્‌ગુણદૂધથી છલોછલ ભરાઈ જાય અને જો પોતે છટકી જઈને બીજા ઉપર કર્તવ્ય બજાવવાનો ભાર નાખી દઈએ તો પછી સમાજહોજનું તળિયુંયે ક્યાંથી ભીંજાય ?

નીચેની પંક્તિઓમાં માયારૂપી કમજોરીઓના જોરનો અખાએ તાદૃશ્ય ચિતાર આપ્યો છે:-

ઝીણી માયા છાની છરી, મીઠી થઈને મારે ખરી;
વળગી પછી અળગી ન થાય, જ્ઞાની પંડિતને માંહ્યથી ખાય.
અનેક રૂપે માયા રમે, જ્યાં જેવું ત્યાં તેવું ગમે;
અખા માયાના ઘણા છે ઘાટ, જ્યાં જુઓ ત્યાં માયાનાં જ હાટ.

મનુષ્ય ભલે ચાહે એટલો સાવધાન રહે તો પણ જીવનમાં તે વત્તાઓછા પ્રમાણમાં કે વહેલામોડા કમજોરીઓના સપાટામાં આવી જ જવાનો. જો તે આણીશુદ્ધ રહી શકે તો તે મનુષ્ય શાનો ? કમજોરીઓ મીઠી છરીના રૂપે ગળું કાપી નાખે છે. એક વખત કમજોરીમાં સપડાયા પછી તેમાંથી નીકળી શકાતું નથી, તેના વ્યસની બની જવાય છે. કોઈ વખત નીકળવાનો પ્રયત્ન થાય છે તો કાદવમાં ખૂંપેલાની જેમ વધુ ખૂંપી જવાય છે; તે વખતે તો કાદવની બહાર ઊભેલા કોઈ પરોપકારીની મદદથી જ નીકળી શકાય. બહુરૂપી કમજોરીઓ અનેક રૂપે છેતરે છે. મોટા મોટા જ્ઞાનીઓ અને પંડિતોને જ્ઞાનનું અને પાંડિત્યનું રૂપ ધારણ કરીને માયા-કમજોરી પછાડે છે. આપણને જે કાંઈ રુચિકર હોય તેનું રૂપ લઈને, આપણે જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં સામે આવીને

ઊભી રહે છે. આવી સર્વવ્યાપક કમજોરીઓથી કેવી રીતે બચવું ? કબીરજી કહે છે કે

ચલતી ચક્કી દેખકર, દિયા કબીરા રોઈ;
દો પડનકે બીચમેં, સાબૂત બચા ન કોઈ.

ઘંટીનાં બે પડોની વચ્ચે આવેલા બધા જ દાણા પિસાઈ જાય છે, ફક્ત ખીલડાના આશરે રહેલા દાણા જ બચી જાય છે. માટે કમજોરીને નિંદીએ-તિરસ્કારીએ પણ કમજોરને નહીં. કમજોરને ખીલડાના આશ્રયે જવાનો મોકો આપીએ. અસ્તુ.

મોટાની પાછળ નાનો જાય, તો મરે નહીં પણ માંદો થાય; હંસની ચાલ ચાલવા જતાં કાગડાનીયે ભૂલી જવાય. પેલું પક્ષી તળાવના પાણી ઉપર ઊડતું રહે છે અને પાણીમાં માછલી દેખાય કે તુરત ઉપરથી સીધું પાણીમાં પડીને માછલી પકડીને ઊડી જાય છે. આ ક્રિયા કાગડાભાઈએ જોઈ. એમના મોઢામાં પાણી આવી ગયું. પાણીમાં માછલી જોઈ કે ખાબક્યો. પરંતુ એ પાણીમાં હતી શેવાળ તેથી પાછો નીકળી ન શક્યો. માથું શેવાળમાં ખૂંપી ગયું અને બે પગ ઉપર રહી ગયા - શીર્ષાસન થઈ ગયું. તેને આવી સ્થિતિમાં જોઈને કાંઠે ઊભેલા એક અનુભવીના મોઢામાંથી સરી પડ્યું કે-

કરતા હોય તે કીજિયે, ઔર ન કીજિયે કગ;
માથું રહે શેવાળમાં, ને ઊંચા રહે બે પગ !

માયારૂપી કમજોરીઓ ભલભલાને કેવાં કેવાં રૂપ લઈને છેતરે છે તેનો સુંદર ચિતાર શ્રી શંકરે નીચે આપ્યો છે :-

ત્યાગી થયા તેને તરુણી રૂપે સેવા કરવા તૈયાર;
"સમર્થને કોઈ દોષ ન લાગે" આપે એવા વિચાર.
ધન રૂપે તેણે સાધુને લૂંટ્યા, લૂંટ્યા મોટા આચાર્ય;
ગાડી, ઘોડા ને મોટરો આપી, બંગલા તણો નહીં પાર.
સિદ્ધજનોની સન્મુખ આવે, સેવક થઈ દસ બાર;
માન દઈને મોટો બનાવે, ઉપજાવે અહંકાર.
પ્રભુ તારી માયાને તું વાળ્ય, મુજને દુ:ખ દીએ છે અપાર.

આવી મહાબળવાન અને બહુ રૂપો ધારણ કરનારી કમજોરીઓમાંથી બચવા પ્રભુનું શરણું નહીં માંગીએ ત્યાં સુધી "પર ઉપદેશ કુશલ બહુતેરે, આચર હી તો નર ન ઘને રે" જેવું જ થવાનું. અસ્તુ.